

# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા



## વસંત પંચમી


શાસ્ત્રીજી મહારાજનું પ્રાગટ્યપર્વ.
જીવનમાંથી એક ઉપદેશ...
સત્ય માટે જીવન સમર્પણ.
અવરોધ આવે તો સ્થિર સામનો.
વિરોધ કરનાર પ્રતિ પ્રેમલભાવ.
સંબંધ જોઈને વર્તન.
પ્રભુ પર સંપૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસુ સાથીઓનો આદર.
આશ્રયે આવે તેના કલ્યાણનું જતન.
ગુણાતીત ભાવમાં વર્તન કરીએ તો
સર્વ કાર્યો સહજ થયાં - થાય.
હે સ્વામી !
આપના જીવન ઉપદેશને અનુસરવા ને
આત્મામાં ધારવા બળ આપો.
શ્રીજી મહારાજે આપેલ 'શિક્ષાપત્રી'નું
સંપૂર્ણ અનુસરણ કરવા શક્તિ આપો !

***~ વસંત પંચમી, ૨૮.૧.૯૩, પરિમલ.***

**હે પ્રભુપરમ ! હે પ્રભુ પ્રગટ ! હે પ્રભુ પ્રત્યક્ષ...!**

કેવળ તમે મારા
અન્ય જે તે તમારું તેથી મારું
આ મુક્તો સૌ તમારાં
તેને હલાવો ચલાવો તમે
આપ જ તેના ચાલક નિયામક તેથી તે મારાં
તેમનો કોઈ ભાવ અભાવ નથી
પ્રેમ થાય છે તે પણ તને જોઈ
દ્વેષ નથી... તારો દ્વેષ ન સંભવે
રાગ છે... તારાં છે તેથી
આ સમજણ સ્થિર કરો પ્રભુ !
આજે વસંત પંચમી શાસ્ત્રીજી મહારાજ પ્રાગટ્ય
તેઓ દ્વારા પ્રગટ પ્રત્યક્ષની ઉપાસના સ્થપાઈ તે સમજમાં આવી
યોગીબાપા... પ્રત્યક્ષ છે
સાહેબ... પ્રત્યક્ષ છે
તે અંતરે મનાયું ને સમર્પણ તેઓએ કરાવ્યું
તે સમર્પણ સંપૂર્ણ કરાવો
મન બુદ્ધિ ચિત્ત ને અહં સઘળું તમારું...
મારું કંઈ જ નથી તે ભાવે જીવતા કરો
આ તમારાં છે તે સૌને - મને અમને બધાંને...!
સહજાનંદ ! સહજાનંદ ! કરતા કરી દો પ્રભુ !

***~ બ્રહ્મજ્યોતિ... વસંત પંચમી, ૧૩.૨.૦૫***





**હે શાસ્ત્રીજી મહારાજ !**

આપનો શિષ્ય છું
યોગીબાપાને ખોળે મૂક્યો
સાધનામાર્ગે લાવ્યા
યોગીબાપાએ સાહેબ ઓળખાવ્યા
તેઓની કૃપાએ સાધુ થવા સમજ આપી
પ્રતિપળ તેઓએ રક્ષા કરી
યોગીબાપા ને સાહેબ બંનેને નમું
આપને પ્રણમું... ને પ્રાર્થના કરું
સદા આપના જ થવા
યોગીબાપાને રાજી કરવા
સાહેબની અનુવૃત્તિએ વર્તવા
સંબંધીની સેવા કરવા
સર્વત્ર આપને જ જોવા
નિરાકાર બની રહેવા
શક્તિ દેજો... પરાભક્તિ દેજો.
આજે વસંત પંચમી...
આપના પ્રાગટ્યપર્વની
આ પ્રાર્થના છે... અભીપ્સા છે !

***~ બ્રહ્મજ્યોતિ... ૨.૨.૦૬, વસંત પંચમી,
શાસ્ત્રીજી મહારાજ પ્રાગટ્યપર્વ***





સાધુ શાંતિદાસના જય સ્વામિનારાયણ.